




**રોજિંદા જીવનમાં ફાયનાન્શિયલ લર્નિંગને વાસ્તવિક અનુભવો સાથે જોડીને તેને સરળ અને સ્વાભાવિક બનાવી શકાય છે. બાળકોમાં નાનપણથી જ હેલ્ધી મની હેબિટ્સ કેળવવા માટે તેને ફાયનાન્શિયલ લર્નિંગ વિષે માહિતગાર કરવું આવશ્યક છે. તેનાથી જ્યારે તેઓ પુખ્ત વયનાં થાય છે ત્યારે પૈસાને લઈને આત્મવિશ્વાસથી વ્યવહારો કરી શકે છે અને સૌથી મહત્ત્વનું કે તેઓ પૈસાનું મૂલ્ય સમજી શકે છે**

વૈવિધ્ય

# બાળકોને ફાયનાન્સ વિષે કેવી રીતે શીખવશો?

પૈસા નાનપણથી જ બાળકોની દુનિયાનો હિસ્સો બની જાય છે પછી તે ચિપ્સનું પેકેટ લેવાનું હોય કે પિગી બેંકમાં બચત કરવાની હોય. જરૂરિયાતોને કેવી રીતે પ્રાધાન્ય આપવું, કેટલો ખર્ચ કરવો અને સાથે બચત કેવી રીતે કરી શકાય તે અંગે બાળકોને નાનપણથી જ માહિતગાર કરવા આજના સમયની જરૂરિયાત છે અને બાળકોને ફાયનાન્સ વિષે શીખવવું એ આપણી જવાબદારી પણ છે. બાળકોને ફાયનાન્શિયલ લર્નિંગ વિષે માહિતગાર કરવા એટલે કંઈ તેમને પૈસાને લગતી જટિલ લેવડદેવડની સમજ આપવી કે બેન્કિંગની ઊંડી સમજ આપવી એવું નથી પરંતુ નાની ઉંમરે રોજિંદા જીવનમાં અને નિર્ણયોમાં પૈસા કેવી રીતે સંકળાયેલા છે તે શીખવવું. તેમાં રોજિંદી જરૂરિયાતો અને મોજશોખની બાબતો અંગેનો તફાવત અને કોને પ્રાધાન્ય આપવું, પૈસા કેવી રીતે ઘરમાં આવે છે, તેનું મૂલ્ય શું છે તેની સમજણ અને બચત અંગેની જાણકારી બાળકોને આપવામાં આવે છે.

***ફાયનાન્શિયલ લર્નિંગ શા માટે જરૂરી છે?**

નાનપણથી જ ફાયનાન્શિયલ લર્નિંગ વિષે માહિતગાર બાળકો દરેક નિર્ણય સમજીવિચારીને, સ્વતંત્રતાથી અને સંપૂર્ણ જવાબદારીથી લેતા શીખે છે.

**- બાળકોને વિચારશીલ પસંદગી કરવામાં મદદ કરે છે:**

જ્યારે બાળકો પૈસા કેવી રીતે ઘરમાં આવે છે અને તેના માટે કેટલી મહેનત લાગે છે તેના વિષે જાણે છે ત્યારે તે સમજીવિચારીને ખર્ચ કરવાનું શીખે છે.

**- બાળકોને જવાબદાર અને આત્મનિર્ભર બનાવે છે:**

તેમને આપવામાં આવેલી નાની રકમ તેમણે કેવી રીતે ખર્ચ કરવી, કોને પ્રાધાન્ય આપવું, ભવિષ્યમાં કેટલી જરૂર પડશે તે બધું વિચારીને તેઓ પોતાના નિર્ણયો જાતે લેતા શીખે છે.

**- આયોજન કરતા શીખે છે અને ધીરજ કેળવાય છે:**

અમુક વસ્તુ જો તેમણે ખરીદવી હોય તો તેના માટે કેટલા પૈસા જોઈશે અને તેના માટે કેટલી બચત કરવી પડશે તેનું આયોજન કરતાં શીખે છે. પોતાને જોઈતી વસ્તુ મેળવવા માટે તેઓ રાહ જોતાં શીખે છે અને આની સાથે તેમનામાં ધીરજ કેળવાય છે.

**- ભવિષ્યમાં આત્મવિશ્વાસથી પૈસા હેન્ડલ કરી શકે છે:**

નાનપણથી જ પૈસા હેન્ડલ કરતા બાળકો ભવિષ્યમાં પણ સરળતાથી અને આત્મવિશ્વાસથી કોઈ પણ જાતની ગૂંચવણ વગર પૈસા હેન્ડલ કરી શકે છે.

આમ, નાનપણમાં ફાયનાન્સ વિષે માહિતગાર થયેલ બાળકોમાં પુખ્ત વયનાં થાય ત્યારે પૈસાને લગતી સારી આદતો કેળવાય છે.

***બાળકોને ફાયનાન્સ વિષે કેવી રીતે શીખવી શકાય?**

બાળકોને ફાયનાન્સ વિષે શીખવવું એ કંઈ જટિલ પ્રક્રિયા નથી. રોજિંદા અનુભવો પરથી તેમને પૈસા વિષે માહિતગાર કરતા રહેવાથી અને આ વિષે દરરોજ સહજતાથી વાતચીત કરતા રહેવાથી ફાયનાન્સ વિષે તેમને સરળતાથી શીખવી શકાય છે.

**- રોજિંદા જીવનમાં પૈસા વિષે ખૂલીને વાત કરો:**

રોજિંદા જીવનમાં જ્યારે તમે કોઈ બિલ ચૂકવો ત્યારે તેના વિષે બાળક સાથે વાત કરો. તેનાથી કેટલા પૈસા વપરાયા તે વિષે તે માહિતગાર થશે અને વાતચીત સ્વાભાવિક અને સરળ રહેશે.

**- નાના નાના ખર્ચના નિર્ણયો લેવામાં બાળકોને સાથે રાખો:**

જેમાં ઓછો ખર્ચ થતો હોય તેવા વિકલ્પો વચ્ચે પસંદગી કરવાનું કહો જેથી તેઓ બે જરૂરિયાતો વચ્ચે કોને પ્રાધાન્ય આપવું તે શીખશે.

**- પૈસા મહેનતથી મળે છે એ સમજાવો:**

બાળકોને ઘરમાં નાનાં કામ કે કોઈ જવાબદારી સોંપો જેના બદલામાં તેમને પૈસા આપો. આમ, તેમની મહેનત સાથે વળતર તરીકે પૈસા જોડવાથી તેઓ પૈસાનું મૂલ્ય સમજશે અને પૈસા કમાવા કેટલા જરૂરી છે તે પણ સમજશે.

**- શોર્ટ ટર્મ ગોલ્સ માટે બચત કરવા પ્રોત્સાહન આપો:**

પોતાને જોઈતાં કોઈ રમકડાં માટે કે કોઈ પુસ્તક માટે તેમને બચત કરવા પ્રોત્સાહન આપો જેનાથી તેમનામાં બચત કરવાની એક ટેવ પડશે અને તેમનામાં ધીરજ પણ કેળવાશે.

**- બજેટના સરળ મુદ્દાઓ વિષે જાણકારી આપો:**

બાળકોને સમજાવો કે પૈસા ઘણી બધી વસ્તુઓ માટે ઉપયોગી છે એટલે તેના માટે આપણે બજેટ બનાવીએ છીએ. અત્યારે થોડા પૈસા ખર્ચ ક[illegible]ે છીએ [illegible] થોડા ભવિષ્ય માટે બચત કરીએ છીએ. આનાથી બાળકોને મોટી રકમ કે નિયમોના ગુંચવાડામાં પાડ્યા વિના બજેટ વિષે સરળતાથી શીખવી શકાય છે.

રોજિંદા જીવનમાં પૈસા વિશેની વાતચીત અને પૈસાને લગતી આદતો બાળકોને ફાયનાન્સ વિષે સમજાવવાનું સરળ બનાવે છે.

*** રોજિંદા જીવનમાં થતી પ્રવૃત્તિ દ્વારા પૈસા વિષે માહિતગાર કરો:**

બાળકો રોજિંદા જીવનમાં થતી પ્રવૃત્તિ દ્વારા સરળ રીતે પૈસા વિષે સમજી શકે છે. પૈસાને લગતા દરરોજના અનુભવ અને તે વિષેની માહિતી બાળકને વાસ્તવિક જગત સાથે સહેલાઈથી જોડે છે. તો જોઈએ કે એવી કઈ બાબતો છે જેનાથી બાળકોને ફાયનાન્સ વિષે માહિતગાર કરી શકાય.

**- પોકેટ મની આપવાની સાથે માર્ગદર્શન પણ આપો**

નાની રકમ આપવાથી તેને કેવી રીતે ખર્ચ કરવી અને કેટલી બચાવવી તેના વિષે બાળકોની સ્પષ્ટતા કેળવાય છે. જ્યારે નાની રકમમાંથી જરૂરિયાતની કેટલી અને કઈ વસ્તુઓ લેવી તેની પસંદગી કરવાની આવે ત્યારે તેઓ એક રીતે પોતાના બજેટ વિષે અને ખર્ચ વિષે સજાગ બને છે.

**- બચત કરવા માટે પિગી બેંક કે એન્વેલોપનો ઉપયોગ કરો**

બચત કરવા માટે અલગ જાર કે પિગી બેંક કે અલગ એન્વેલોપનો ઉપયોગ કરો જેથી બચત અને ખર્ચ કેટલો થાય છે તે વિષે બાળક સ્પષ્ટ રીતે સમજી શકે.

**- સાથે શોપિંગ પર લઇ જાઓ અને કિંમતોની સરખામણી કરતા શીખવો**

બાળકોને ખરીદી કરવા સાથે લઈ જાઓ જેથી તેઓ કિંમતોને આધારે પસંદગી કરતા શીખશે અને પૈસાનું મૂલ્ય સમજશે.




## ખર્ચનો હિસાબ રાખો

ખર્ચનો હિસાબ લખવાથી પૈસા વિષે જાગૃતિ આવશે અને તેઓ સજાગ રહીને ખર્ચ કરતા શીખશે.

આ નાની નાની આદતો બાળકોમાં ફાયનાન્સ વિષે જાગૃતિ લાવશે અને હેલ્ધી મની હેબિટ કેળવાશે.

આમ, રોજિંદા જીવનમાં ફાયનાન્શિયલ લર્નિંગને વાસ્તવિક અનુભવો સાથે જોડીને તેને સરળ અને સ્વાભાવિક બનાવી શકાય છે. બાળકોમાં નાનપણથી જ હેલ્ધી મની હેબિટ્સ કેળવવા માટે ફાયનાન્શિયલ લર્નિંગ વિષે માહિતગાર કરવું આવશ્યક છે. તેનાથી જ્યારે તેઓ પુખ્ત વયનાં થાય છે ત્યારે પૈસાને લઈને આત્મવિશ્વાસથી વ્યવહારો કરી શકે છે અને સૌથી મહત્ત્વનું કે તેઓ પૈસાનું મૂલ્ય સમજી શકે છે.